# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા "રાષ્ટ્રીય પોષણ માસ ૨૦૨૨" ઉજવણી કરવામાં આવી

ભારત સરકાર દ્વારા દર વર્ષે ૧ થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન "રાષ્ટ્રીય પોષણ માસ" ઉજવવામાં આવે છે. જે અંતર્ગત માન. કુલપતિશ્રી, ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા "રાષ્ટ્રીય પોષણ માસ ૨૦૨૨"ની ઉજવણીના ભાગરૂપે તારીખ ૧ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમ્યાન આ વર્ષની થીમ "મહિલા અને સ્વાસ્થ્ય- બાળક અને શિક્ષણ" પર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મહિલાઓ તથા બાળકો માટે સમતોલ આહાર, કુટુંબના સ્વાસ્થ્ય માટે કિચન/ ટેરેસ ગાર્ડનનું મહત્વ, જરૂરી પોષકતત્વો અને તેની ઉણપથી થતા રોગો, વિવિધ પૌષ્ટિક વાનગીઓ, પોષણ વાટીકા મહાઅભિયાન, વૃક્ષારોપણ, તેમજ ગામડાના બાળકો માટે શિક્ષણનું મહત્વ, ખેડૂતના ઘરઆંગણે તેમજ આંગણવાડી કેન્દ્ર પર ૨૦ જેટલા કિચન ગાર્ડન તૈયાર કરાવવા, ૭૦ ફળ છોડ તથા કિચન ગાર્ડન માટે ૧૦૦ શાકભાજીના બિયારણની કીટનું વિનામુલ્યે વિતરણ, આંગણવાડીના બાળકોને પ્રોટીન લાડુ આપવા વગેરે જેવા કાર્યક્રમ કરવામાં આવેલ હતા. સદર કાર્યક્રમોનું આયોજન તેમજ સુચારૂ સંચાલન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. વાય. સી. લકુમના માર્ગદર્શન હેઠળ શ્રીમતિ અંજલી જાદવ, પ્રોગ્રામ આસીસટન્ટ (ગૃહવિજ્ઞાન) દ્વારા કરવામાં આવેલ.

# “રાષ્ટ્રીય પોષણ માસ ૨૦૨૨”





